ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૧૫/૧૯–૨૦/ 1325 તારીખ : 19 MAR 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૧૫/૧૯–૨૦

પ્રતિ,
**શ્રી ચિરાગભાઈ નરેન્દ્રભાઈ જોષી**
'' અવધ '' ૩, પ્રયોશા રેસીડન્સી,
ચિત્રકુટ નગર ની બાજુમાં, શિવનગર ની પાછળ
તળાજા રોડ, ભાવનગર.
**મો.નં. ૯૪૨૮૨ ૨૧૯૯૧.**

**વિષય : સોલાર રૂફ ટોપ ના બિલીંગ બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૦/૧૨/૨૦૧૯ અત્રેની કચેરીને મળ્યા તા.૨૧/૧૨/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૫/૧૯–૨૦/૫૧૯૯ તા.૨૪/૧૨/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૫/૧૯–૨૦/૮૨૦ તા.૧૯/૦૨/૨૦૨૦.

શ્રીમાન,

આપની ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૩/૦૩/૨૦૨૦ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ– ઉપર મુજબ.**
પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ભાવનગર શહેર–૨.**
*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, કાળીયાબીડ.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૧૧૫/૧૯–૨૦**

વાદી :– શ્રી ચિરાગભાઈ નરેન્દ્રભાઈ જોષી

**◈ વિરૂધ્ધ ◈**

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**◈ રજુઆતની તારીખઃ– ૨૦.૧૨.૨૦૧૯ ◈**

હાજર રહયા :– શ્રી ચિરાગભાઈ નરેન્દ્રભાઈ જોષી – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી પી.જી.પરીખ, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ચિરાગભાઈ નરેન્દ્રભાઈ જોષી, મુ.ભાવનગરની સોલાર રૂફ ટોપના બિલીંગ બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૧૫/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૮૧/૧૯–૨૦/૫૧૯૯ તા.૨૪.૧૨.૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૩.૦૩.૨૦૨૦ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી ચિરાગભાઈ નરેન્દ્રભાઈ જોષી પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી પી.જી.પરીખ, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર ઉપસ્થિત રહેલ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમોને ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી ના ૨૦૧૭ ના પરિપત્ર મુજબ સોલાર રૂફ ટોપ સિસ્ટમ માટેની મંજૂરી આપવામાં આવેલ. જે અન્વયે, તા.૧૭/૧૨/૨૦૧૭ ના રોજ એગ્રીમેન્ટ કરવામાં આવેલ.

૧.૨ એગ્રીમેન્ટ માં જણાવ્યા મુજબ એગ્રીમેન્ટ તારીખથી ૨૫ વર્ષ માટે રૂા.૩.૨૨ લેખે સરપ્લસ વિજળી પીજીવીસીએલ ખરીદ કરશે.

૧.૩ રૂફ ટોપ સોલાર સીસ્ટમ એકટીવેટ થયા બાદ એક વર્ષ સુધી રૂા.૩.૨૪ લેખે અમોને સર પ્લસ વિજળી નો ભાવ યુનિટ દીઠ મળતો હતો. જે એપ્રિલ–૨૦૧૯ થી ઘટાડીને રૂા.૨.૪૪ કરી નાંખવામાં આવેલ છે. જેના લીધે અમારા પીજીવીસીએલ સાથે થયેલ કરાર નો ભંગ થતો હોઈ એવું જણાય રહયુ છે.

૧.૪ એગ્રીમેન્ટ ને ઘ્યાને લઈ, અમોને એપ્રિલ–૨૦૧૯ થી રૂા.૨.૪૪ લેખે આપવામાં આવેલ.સરપ્લસ વિજળીના ભાવો અત્યારે સુધારી નવા ભાવો મારા લાઈટ બિલમાં દર્શાવાય તેવા જરૂરી આદેશો થવા નમ્ર અનુરોધ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત:– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ ઉપરોકત વિષય ના અનુસંધાને જણાવવાનું કે, ભાવનગર શહેર વિભાગીય કચેરી–૨ હેઠળ આવેલ કાળીયાબીડ પેટા વિભાગીય કચેરી ખાતે ઉપલબ્ધ રેકર્ડ અનુસાર વાદીશ્રી ની વિગત નીચે મુજબ છે.

ગ્રાહકનું નામ : જોષી ચિરાગ નરેન્દ્રભાઈ

ગ્રાહક નંબર : ૮૪૪૦૫/૧૩૫૪૩/૬

વિજ જોડાણ : તા.૬/૪/૨૦૧૩

ટેરીફ : RGPU

સોલાર રૂફ ટોપ વિજભાર : ૧.૬૭૫ કિલો વોટ

સોલાર રૂફ ટોપ એગ્રીમેન્ટ : તા.૧૭/૧૨/૨૦૧૭ (ANNEXURE-I)

સોલાર રૂફ ટોપ સિસ્ટમ જોડાણ : તા.૨૦/૧૨/૨૦૧૭.

૨.૨ જીયુવીએનએલ ના પરિપત્ર નં GUVNL/COM/RE/1298 dtd.28.12.2018 મુજબ " Solar Rate for purchase of surplus energy " અલગ અલગ એગ્રીમેન્ટ સમય ગાળા માટે અલગં અલગ ભાવો આપેલા છે.

૨.૩ વાદીશ્રી દ્વારા સોલાર રૂફ ટોપ માટે પીજીવીસીએલ સાથે તા.૧૭/૧૨/૨૦૧૯ ના રોજ એગ્રીમેન્ટ કરવામાં આવેલ છે. જેમાં શરતચૂકથી ૩.૨૨ પર યુનિટ લખાયેલ છે. જે જીયુવીએનએલ ના ઉપર દર્શાવેલ પરિપત્ર મુજબ એગ્રીમેન્ટ From Oct-2017 to Mar-2018 દરમ્યાન થયેલ છે. જે મુજબ રૂા.૨.૪૪ પર યુનિટ લેખે સરપ્લસ વિજળી દર આપવામાં આવેલ છે.

૨.૪ જે આપ સાહેબની જાણ સારૂ તથા યોગ્ય થવા સારૂ.

Consumer Grievance Redressal Forum
P.G V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર જોષી ચીરાગ નરેન્દ્રભાઈ, ભાવનગર શહેર માં ઘર વપરાશ માટેનું સીગલ ફેઈઝ વિજ જોડાણ ગ્રાહક નં–૮૪૫૦૫/૧૩૫૪૩/૬ થી ધરાવે છે.

૩.૨ સરકારશ્રી ની યોજના હેઠળ વાદીએ પ્રતિવાદી પાસે સોલાર રૂફટોપ માટે જોડાણ માંગી તા.૧૭/૨/૨૦૧૭ ના રોજ સોલાર રૂફ ટોપ માટેના કરાર પ્રતિવાદી સાથે કરેલ.

૩.૩ સોલાર રૂફ ટોપમાં સરપ્લસ વિજ યુનિટ ની સામે પ્રતિવાદી ના વધારાના વિજ વપરાશ માં રૂા.૩.૨૪ પ્રતિ યુનીટ લેખે રકમ વાદી ના વિજ બિલ માં એડજસ્ટ કરવામાં આવતુ હતું.

૩.૪ પ્રતિવાદીની રજૂઆત મુજબ જે તે સમયે એગ્રીમેન્ટ માં ભૂલથી રૂા.૨.૪૪ ને બદલે રૂા.૩.૨૪ પૈસા સરપ્લસ વિજળી નો પ્રતિ યુનિટ ભાવ લખવામાં આવેલ, જયારે જીયુવીએનએલ ના પરિપત્ર નં–૧૨૯૮ તા.૨૮/૧૨/૨૦૧૮ થી સોલાર રૂફ ટોપ ધરાવતા વિજ ગ્રાહકોને સર પ્લસ એનર્જીમા ઓકટો–૨૦૧૭ થી માર્ચ–૨૦૧૮ દરમ્યાન ઇન્સ્ટોલ કરેલ અને કરાર કરેલ ગ્રાહકો માટે રૂા.૨.૪૪ પૈસા પ્રતિ યુનિટ લેખે આપવાનું થાય છે. અને પરિપત્રમાં દર્શાવ્યા મુજબ વાદી ને રૂા.૩.૪૪ પૈસા પ્રતિ યુનિટ તરીકે જે સરપ્લસ વિજળી નો ભાવ આપવામાં આવતો તેની બદલે હવે નિયમ મુજબ રૂા.૨.૪૪ પૈસા પ્રતિ યુનિટ ભાવ આપવામાં આવે છે.

ઉપર જણાવેલ પરિપત્ર ના આધારે વાદીની અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૪ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એમ. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :– ૦૩.૦૩.૨૦૨૦.